રાજયની નગરપાલિકાઓને
બુનિયાદી મૂડી/ પગાર ભથ્થા ગ્રાંટ
ફાળવવા અંગે

# ગુજરાત સરકાર
## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
## ઠરાવ ક્રમાંકઃ મફબ-૧૧૨૦૧૧/૫૪૭૦૨૦/આર
## સચિવાલય, ગાંધીનગર
## તા.૨૧/૦૬/૨૦૧૨

વંચાણે લીધાઃ (૧) ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૮૮/૨૩૬૧/આર, તા.૧૫-૦૭-૧૯૯૫
(૨) ઠરાવ ક્રમાંકઃ જીએફસી/૧૧૨૦૦૨/૨૩૫૨/આર, તા.૨૮-૦૩-૨૦૦૨

આમુખઃ-

રાજયની નગરપાલિકાઓના મહેકમના ખર્ચને પહોંચી વળવા માટે સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવો અન્વયેના ધોરણોથી બુનિયાદી મૂડી/પગારભથ્થા ગ્રાંટની ફાળવણી કરવામાં આવતી હતી. રાજયની નગરપાલિકાઓમાં તા.૦૧-૦૪-૨૦૦૮થી ક્ષેત્રફળ આધારિત મિલ્કત વેરાની પધ્ધતિ અમલમાં આવતાં. સંદર્ભ-૧ ના ઠરાવથી નકકી કરેલ ધોરણો અપ્રસ્તુત બને છે અને સંદર્ભ-૨ના ઠરાવથી ફાળવવાની થતી ગ્રાંટ વર્ષ-૧૯૯૧ના વસ્તીના આંકડાઓને આધાર ગણીને માથાદીઠ ₹.૩૫/- ની ગ્રાંટ ફાળવવામાં આવતી તે પણ વર્ષ-૨૦૧૧ની વસ્તીના આંકડા ઉપલબ્ધ થશે ત્યારે અપ્રસ્તુત બનશે આમ બંને ઠરાવો માટે પુનઃવિચારણા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

રાજયની નગરપાલિકાઓમાં ક્ષેત્રફળ આધારિત મિલકત વેરા પધ્ધિત અમલમાં આવતાં પુખ્ત વિચારણાને અંતે, નીચેના ધોરણો (૧) અને (૨) પૈકી જે રકમ વધારે થાય તે મુજબની ગ્રાંટ બુનિયાદી મૂડી અને પગાર ભથ્થા તરીકે રાજયની નગરપાલિકાઓને ચૂકવણી કરવા આથી ઠરાવવામાં આવે છે. આ નવા ધોરણોનો અમલ તા.૦૧.૦૪.૨૦૧૨થી કરવાનો રહેશે.

(૧) વર્ષની વસૂલ થયેલ મિલકત વેરાની રકમની ટકાવારી મુજબ મળવાપાત્ર ગ્રાંટઃ

| ક્રમ | વસૂલ થયેલ મિલકત વેરાની રકમની ટકાવારી | નગરપાલિકાને મંજૂર અને માન્ય મહેકમ ખર્ચની રકમના આધારે મળવાપાત્ર અનુદાનનો દર |
|---|---|---|
| (૧) | ૮૦ % વધારે વસુલાત | ૫૦ % |
| (૨) | ૬૦ % થી ૮૦ % સુધીની વસુલાત | ૪૦ % |
| (૩) | ૬૦ % થી ઓછી વસુલાત | ૩૦ % |

(૨) વર્ષ ૨૦૧૧ની વસ્તીના આંકડાને આધારે માથાદીઠ રૂા.૬૦ ની ગ્રાંટ ચૂકવવાની રહેશે. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વર્ષ–૨૦૦૧ની વસ્તીને ધ્યાને લઈ માથાદીઠ ₹.૬૦ લેખે ગ્રાંટ ફાળવવાની રહેશે અને ૨૦૧૧ની વસ્તીના અધિકૃત આંકડા ઉપલબ્ધ થયેથી તા.૦૧.૦૪.૨૦૧૨ બાદના સમયગાળાનું એરિયર્સ ચૂકવવાનું રહેશે.

આ ઠરાવનો અમલ નીચેની શરતોએ કરવાનો રહેશેઃ–

(I) જે નગરપાલિકાઓનો મહેકમ ખર્ચ હાલમાં મહેસૂલી આવકના ૪૮ ટકા કરતાં વધુ હશે તેવી નગરપાલિકાઓ જયાં સુધી ૪૮ ટકા કરતાં નીચે મહેકમ ખર્ચ ન લાવે ત્યાં સુધી હંગામી કે કાયમી કોઈપણ પ્રકારના કર્મચારીની ભરતી કરી શકશે નહીં. કોઈ ખાસ સંજોગોમાં આવી ભરતી કરવાની જરૂર જણાય તો નિયામકશ્રી, નગરપાલિકાઓ અને મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સંયુકત પરામર્શમાં મંજૂરી મેળવ્યા પછી જ નવી ભરતી કરી શકાશે. જે નગરપાલિકા આ શરતનો ભંગ કરશે તેને આ બુનિયાદી મૂડી પગાર ભથ્થા ગ્રાંટના સુધારેલા ધોરણોની મળવા પાત્ર ગ્રાંટમાંથી દર વર્ષે–૫ % (પાંચ ટકા) કપાત કરવામાં આવશે.

(II) દરેક નગરપાલિકાના ચીફ ઓફિસરે આ અંગેની કાળજી રાખવાની રહેશે અને ગ્રાંટ મેળવતાં પહેલાં ઉપરોકત સુચનનો અમલ થયો છે એ મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. ત્યાર બાદ જ ગ્રાંટ રીલીઝ કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૨૦૧૨.૨૭.૨૬

(આર.એન. તડવી)
નાયબ સચિવ,
શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ

**નકલ રવાના પ્રતિ,**

- સર્વે અધિકારીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રી,
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગર
- પ્રાદેશિક નગપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, રાજકોટ.
- માન.મંત્રીશ્રી (શ.વિ.)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.૧/૭મો માળ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે નગરપાલિકા, (નિયામક, નગરપાલિકાઓ મારફત)
- શાખા પસંદગી ફાઈલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઈલ.